**Divya Bhaskar**

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 02

વીસીસીઆઇના એક્ઝિબિશનમાં આવેલા ઊર્જા મંત્રીની સાફ વાત

# વીલથી ખેડૂત બનેલા તમામ સામે પગલાં ભરાશે : સૌરભ પટેલ



રાજ્ય સરકારના ઊર્જામંત્રી અને વડોદરાના ધારાસભ્ય સૌરભ પટેલે શુક્રવારે વીસીસીઆઇના પ્રદર્શનની મુલાકાત લઇ વિવિધ ઉત્પાદનોની જાણકારી મેળવી હતી

» કેન્દ્ર ગુજરાતને માત્ર 5% જ કોલેસો નજીકના સ્થળેથી આપે છે

» નવી કંપની બનતાં જ વડોદરાના 85 હજાર ગેસ કનેક્શન મળશે

ભાસ્કર ન્યૂઝ.વડોદરા

સરકારી જમીન પડાવી પાડવાનો કારસો રચનાર કે તેના પર કબજો ધરાવનાર કોઇપણ હશે તો તેને ખાલી કરાવીને સરકાર હસ્તક લેવાશે. સરકારી જમીનની સાથે જ વિલથી ખેડૂત બનેલા બોગસ ખેડૂતોને પણ શોધવામાં સરકાર કડક અને અસરકારક પગલાં ભરશે. વડોદરામાં વિલથી ખેડૂત બનેલા તમામની તપાસ કરાવીને જે કોઇપણ કસૂરવાર હસે તો તેની સામે કાનૂની કાર્યવાહી કરાશે તેવો સ્પષ્ટ સંકેત અકોટા વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલે અત્રે જણાવ્યું હતું.

શહેરના નવલખી ખાતે વીસીસીઆઇના ચાલી રહેલા ઔદ્યોગિક પ્રદર્શનની મુલાકાતે આવેલા રાજયના ઉર્જામંત્રીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વડોદરામાં વિલથી ખેડૂત બનેલા માલેતુજારો અને સરકારને કરોડોના પ્રિમીયમનું નુકશાન કરતાં બિલ્ડરો સામે જિલ્લા કલેક્ટર દ્વારા થઇ રહેલી કાર્યવાહી યોગ્ય છે. જમીન સંબંધી ગુનાઓને શોધવા અને રાજય સરકારને થતું નુકશાન અટકાવવા જિલ્લા પ્રસાશન દ્વારા ચાલી રહેલી કાર્યવાહી પાછળ રાજય સરકારનું સંપૂર્ણ પીઠબળ છે. રેવન્યુ વિષયક કોઇપણ ગુનો કરનારને છોડાશે નહીં. ખોટું કરનારને પકડવા અને દંડવામાં આવશે. કોઇપણ પ્રકારનો ભેદ રખાશે નહી કે રાજનીતી પણ નહીં ચલાવવામાં આવશે. વિલથી ખેડૂત બનનારાની પણ તપાસ કરાશે.

ગુજરાતના ઉર્જા પ્રશ્નો અંગે પત્રકારો સાથે વાતચીત કરતાં રાજય સરકારના ઉર્જા મંત્રી સૌરભ પટેલે કેન્દ્ર સરકાર પર સીધો જ પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રને કુલ જરૂરિયાતોનો 50 ટકા કોલેસો નજીકના સ્થળેથી કેન્દ્ર સરકાર આપે છે, જ્યારે ગુજરાતને માત્ર 5 ટકા જ કોલેસો નજીકના સ્થળેથી પૂરો પાડવામાં આવે છે. ઓછો કોલસો મળવા ઉપરાંત ઉત્તર અને દક્ષિણના રાજ્યો પાસેથી કોલેસો મંગાવવાનો ખર્ચ વધુ પડતો હોવાથી રાજય સરકારને વર્ષે એક હજાર કરોડનો બોજો વધે છે. જો કેન્દ્ર સરકાર ન્યાયીક રીતે વર્તે તો ગુજરાત પણ સસ્તી વિજળી આપી શકે તેમ છે.

જીએસટીનો કાયદો કરતાં પહેલા રાજ્યોને થયેલા નુકશાનનું પૂરેપુરુ વળતર આપવું જોઇએ. બજેટમાં તેનો વિશેષ ઉલ્લેખ કરવો જોઇએ એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર વડોદરાના નાગરિકોને ગેસ મળે તે માટે સેવાસદનના માધ્યમથી ગેલ કંપની સાથે વાટાઘાટો કરીને વહેલી તકે નવી કંપની તે દિશામાં આશાવાદ સેવી રહી છે. નવી કંપની બનતાં જ વડોદરાના 85 હજાર લોકોને ગેસ કનેકશન મળશે.